ગાંધીનગર સમાચાર

રાજસ્થાનથી રીવોલ્વરની ડીલીવરી આપવા આવેલા ત્રણ શખ્સો ઝડપાયા

# શહેર મધ્યે વાવણી માટે ખેતરો તૈયાર

## શહેરની મધ્યમાં અંદાજે ૫૦ વીઘા જમીનમાં ખેડુતો દ્વારા વાવેતર કરાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરની મધ્યમાં આવેલ ખુલ્લા ખેતરો વરસાદી વાવેતર માટે તૈયાર થઈ ચુકયા છે. ખેડુતોએ વાવેતર માટે ખેતર ખેડાવી રાખ્યા છે. ઈન્દ્રોડા ગામના ખેડુતો અંદાજે ૫૦ વીઘા જમીનમાં ઘઉં, જુવાર, બાજરી, જાર, કાકડી, અને શાકભાજી સહિતનું વાવેતર કરે છે. વરસાદ ખેંચાતા વાવણી વિનાના ખેતરો સામે નજર કરીને ખેડુતો ચિંતાગ્રસ્ત હાલતમાં બેઠા છે. પરંતુ ગાંધીનગરાઓને ટુંક સમયમાં જ શહેરની મધ્યમાં લહેરાતા હરીયાળા ખેતરો જોવા મળશે.

ખેતર ગામડામાં તો સીમાડામાં હોય છે પરંતુ ગાંધીનગર શહેર એવું શહેર છે જેમાં શહેરની અંદર પણ ખેતર આવેલા છે. શહેરીજનોને ખેતર જોવા માટે દુર ગામ સુધી લાંબા થવુ પડતુ નથી માત્ર કલેકટર ઓફીસથી રામકથા મેદાનમાં આવે એટલે સુંદર હરીયાળા ખેતરની અનુભૂતિ થાય. વર્ષ દરમિયાન પડતર ખેતરો ચોમાસાની સિઝનમાં લહેરાઈ ઉઠે છે. ગાંધીનગર એ આસપાસના વિસ્તારમાં આવેલા ગામના ખેડુતોની જમીન પર નિર્માણ થયેલું નગર છે. આ નગરને પાંચ દાયકાઓ વિતી ગયા છે પરંતુ હજુ સુધી કેટલાક ખેડુતોની પોતાનો હક્ક સુધ્ધા મળ્યો નથી. ત્યારે ખેડુતો કહી રહ્યા છે કે પોતાની જમીનમાં સરકારી કોઈ ઈમારત ઉભી ન થાય ત્યાં સુધી વાવેતર કરી શકે છે. જેને અનુલક્ષી ખેડુતો પાણી ન હોવાથી બે સિઝન તો કોઈ વાવેતર કરતા નથી પરંતુ માત્ર ચોમાસાની સિઝનમાં પોતાના પરિવારના સભ્યો માટે ઘઉં, જુવાર, બાજરી, મકાઈ, કાકડી, જાર અને શાકભાજી સહિતનું વાવેતર કરે છે. આ પાકને કારણે પરિવારને વર્ષ દરમિયાનનો ટેકો મળી રહે છે. બાકી રહી ગયેલું વળતર તો સરકાર આપશે ત્યારે આપશે પરંતુ એક ચોમાસુ પાકને કારણે થોડુ ઘણુ નુકશાન ભરપાઈ થાય છે તેમ ખેડુતો કહી રહ્યા છે. અત્યારે હાલ તો ખેતરો વાવણી માટે તૈયાર થઈ ગયા છે પરંતુ વરસાદ ખેંચાતા ખેડુતો ચિંતિત બન્યા છે. જયારે ગાંધીનગર શહેરની મધ્યમાં અંદાજે ૫૦ વીઘા જમીનમાં વાવેતર કરવામાં આવશે. જેને પગલે શહેરમાં ચોમાસાની સિઝનમાં નગરજનોને નગરની વચ્ચે સુંદર લહેરાતા ખેતરોનો નજારો નીહાળવા માટે મળશે. નગરમાં કોંક્રીટના જંગલની આસપાસ પણ આ લહેરાતા ખેતરો જોઈને નાગરીકો આનંદની અનુભૂતિ મેળવે છે.



### @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૨ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૩૧ કલાકનો રહેશે.

● બામસેફ ગાંધીનગર જિલ્લા યુનિટ દ્વારા સોમવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે સેકટર-૧૨, ડૉ. આંબેડકર હોલ ખાતે યુનિટની સામાન્ય સભા યોજાશે.

### વાતવાતમાં

● ટાઉનહોલ ખાતે જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ દ્વારા સગપણ સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લગ્નોત્સુક જૈન યુવક યુવતિઓ તેમના પરિવાર સહિત ઉમટી પડયા હતા.

● શહેરમાં વરસાદ ભલે નથી આવ્યો પરંતુ વરસાદી માહોલ સર્જાતા નગરજનોએ પોતાના બાગ બગીચાને નવપલ્લવિત કરવા નવા નવા છોડના રોપાઓ ખરીદવા નર્સરીઓ તરફ દોટ મુકી છે. આ સાથે ખેતી વિષયક નાના ઓજારોની માંગમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

## વિશ્વકર્મા સેવા સમાજ તેજસ્વી તારલાઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા.૨૬

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કે.જી., ધોરણ ૧ થી ૧૨ અને ઉચ્ચ અભ્યાસક્ષેત્રે પરીક્ષામાં સારા ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ઈનામ માટે સંસ્થા દ્વારા નિયત કરેલ ફોર્મ વિદ્યાર્થીઓએ કાર્યાલય ખાતેથી મેળવવાના રહશે. ફોર્મમાં તમામ વિગતો ભરી વિદ્યાર્થીઓએ તા. ૩૧ ઓગષ્ટ સુધીમાં સંસ્થાના કાર્યાલય ખાતે પહોંચાડવાના રહેશે તેમ સમાજના પ્રમુખ કે.કે. સુથારે જણાવ્યું છે.

## સે-૩ના છાપરામાંથી દારૂના જથ્થા સાથે બે પકડાયા : ૩૬ વિદેશી દારૂની બોટલો અને ૨૬ બિયરના ટીન જપ્ત

ગાંધીનગર, તા.૨૬

શહેરના સેકટર-૩-સીમાં આવેલા ચર્ચ પાછળના છાપરામાં રહેતો શખ્સ દારૂનો વેપલો કરતો હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસે દરોડો પાડી ગઈ સાંજે ૩૬ નંગ દારૂની બોટલો તથા ૨૬ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૧૮,૩૨૦ના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી લધી હતી. પોલીસે વિપુલ ગીરીશ વાઘેલા અને વાવોલના મોહસીન શરીફ ઉર્ફે ચીના શેખ બંને શખ્સોની ધરપકડ કરી દારૂ-બિયરનો મુદ્દામાલ જપ્ત કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

# અંધશ્રધ્ધા પ્રત્યે જાગૃતિ લાવવા માટે નાટક એક સશકત માધ્યમ

## એની ટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે આયોજિત નાટક 'હમ દો, હમારે વો'ને ભજવવા આવેલા ક્રાઈમ પેટ્રોલ ફેઈમ અનુપ સોની તથા બાલિકા વધુ ફેઈમ સ્મિતા બંસલ સાથે ખાસ મુલાકાત

ગાંધીનગર, તા.૨૬

'આજે પણ સમાજમાં અંધશ્રધ્ધા એટલી જ ઘર કરી ગયેલી છે, આપણે ૨૧મી સદીમાં જીવીએ છીએ પરંતુ એમ લાગે છે કે અનેક નાગરિકો હજુ પણ ૧૯મી સદીમાંથી બહાર આવવા માંગતા નથી. અમારા આ નાટક થકી ઢોંગી, ધુતારા બાબાઓ પ્રત્યે પ્રજામાં જાગૃતિ લાવવા પ્રયાસ કરી રહ્યાં છીએ.' આ શબ્દો છે 'ક્રાઈમ પેટ્રોલ' ફેઈમ અનુપ સોનીના ગાંધીનગરના એની ટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતોના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે આયોજિત કોમેડી નાટક 'હમ દો હમારે વો' ભજવવા 'બાલિકા વધુ' સિરિયલ ફેઈમ સ્મિતા બંસલ સાથે અનુપ સોની પધાર્યા હતા. ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં તેમણે નાટકને સમાજમાં રહેલી બદીઓ દૂર કરવા માટેનું સશકત માધ્યમ ગણાવ્યું હતું.

લેખક સંજય જહા લિખિત અને અદાકાર દિગ્દર્શક પ્રસાદ ખાંડેકર દ્વારા દિગ્દર્શિત નાટક 'હમ દો, હમારે વો' એ પ્રેક્ષકોને





ખડખડાટ હસાવ્યા હતા. ભરપૂર કોમેડીની સાથે સાથે આ નાટકમાં સમાજના ઢોંગી-ધુતારા સાધુ-બાવાઓની ચુંગાલથી બચવા અંધશ્રધ્ધા નિર્મૂલનનો સુંદર સંદેશ બખૂબી આવરી લેવાયો હતો નાટકના દિગદર્શક પ્રસાદ ખાંડેકરે જણાવ્યું હતું કે 'અમે જયારે આ પ્રોજકેટ હાથ પર લીધો ત્યારે જ સૌ પ્રથમ મનમાં અનુપ સોનીને જ મુખ્ય કલાકાર તરીકે લેવાનું નક્કી કરી દીધું હતું. અનુપ સોનીની ઈમેજ સમાજમાં ફેલાયેલી બદીઓ પ્રત્યે જાગૃતિ લાવનાર ઈમાનદાર કલાકારની છે જે આ નાટક માટે એકદમ પરફેકટ બંધ બેસે છે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'દેશના નાગરિકોએ હવે જાગૃત બની અંધશ્રધ્ધા દૂર કરવા સાથે અનેક ઢોંગી ધુતારા બાવાઓના ચકકરમાંથી મુકત થઈ સાચા ગુરુની શોધ કરવાની તાતી જરૂર છે.'

પહેલા સંજીવની અને અમાનત જેવી ટીવી સિરિયલોથી દર્શકોના દિલમાં ખાસ જગ્યા બનાવનાર બાલિકા વધુની ગ્લેમરસ સાસુ સ્મિતા બંસલે આ નાટકનો ભાગ બનવાને ગૌરવ ગણાવતા કહ્યું હતું કે અહીંના પ્રેક્ષકો ખૂબ જ સમજદાર અને સપોર્ટીંગ નેચરવાળા છે. તેણે તમામ પ્રેક્ષકને અંધશ્રધ્ધાથી દૂર રહેવા અને સાચી સમજ કેળવવા સલાહ આપી હતી. નાટકનું નિર્માણ અનિલ શાહ તથા અજિત ગોરે કર્યું છે અને સંગીત સુશીલ કામ્બલેએ પીરસ્યું છે. અનુપ સોની, સ્મિતા બંસલ ઉપરાંત ડાયરેકટર પ્રસાદ ખાંડેકરે પોતે અને જય ચૌબે, દુર્ગેશ દ્વિવેદી તથા સચીન પરીખે અભિનયના અજવાળા પાથર્યા છે. આ પ્રસંગે એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશનના ફાઉન્ડર પ્રમુખ સેમ્યુઅલ ક્રિશ્ચિયન ઉપરાંત સંસ્થાના હોદ્દેદારો, સભ્યો વગેરેએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નાટકને વખાણ્યું હતું.

# રાજસ્થાનથી રીવોલ્વરની ડીલીવરી આપવા આવેલા ત્રણ શખ્સો ઝડપાયા

## રીવોલ્વર લેવા માટે રીસીવર શખ્સને અમદાવાદથી ચંદ્રાલા પાસે બોલાવવામાં આવ્યો હતો ચારેયની એસઓજીએ કરી ધરપકડ : બે શખ્સો ચાર દિવસનાં રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૨૬

રાજસ્થાનથી ત્રણ શખ્સો ગેરકાયદે દેશી રીવોલ્વરની ડીલીવરી આપવા ગાંધીનગર નજીક ચંદ્રાલા પાસે આવ્યા હોવાની અને અમદાવાદનો એક વેઈટર રીવોલ્વર રીસીવ કરવા આવવાનો હોવાની માહિતિ ગાંધીનગર એસઓજીની ટીમને મળતા વોચ ગોઠવીને હથિયાર સાથે ચારેય શખ્સોને દબોચી લીધા હતા.દેશી રીવોલ્વર કેમ મંગાવાઈ હતી અને કયાંથી લવાઈ હતી તે સહિતની પુછપરછ શરુ કરવામાં આવી છે. આરોપીઓ પૈકી બે શખ્સોના ચાર દિવસના રિમાન્ડ કોર્ટે મંજુર કરતા એસઓજીએ ઉંડી તપાસ હાથ ધરી છે.



રથયાત્રાને ધ્યાને લઈને ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે ગાંધીનગર એસ.ઓ.જીની ટીમને એલર્ટ રહેવા ખાસ સુચના આપી દીધી છે. ત્યારે એસ.ઓ.જી. પી.એસ.આઈ. એમ.પી.ચૌહાણ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે તેમને ચોકકસ બાતમી મળી હતી કે અમદાવાદ ગીતા મંદિર નજીક આવેલી હોટલ સત્કારમાં વેઈટર તરીકે નોકરી કરતો નેપાલસિંહ રણજીતસિંહ ચુડાવત નામનો શખ્સ ચિલોડા હિંમતનગર હાઈવે પર ચંદ્રાલા ગામની સીમમાં આવેલી હોટલ આગમન નજીક રાજસ્થાનના કેટલાક શખ્સો પાસેથી ગેરકાયદેસર રીતે રીવોલ્વર લેવા આવી રહ્યો છે. આ બાતમીને આધારે વોચ ગોઠવીને રાજસ્થાન ડુંગરપુરના ચંદ્રવીર દલપત ચૌહાણ, દેવીલાલ અમરજી પટેલ અને રાજસ્થાન બાંસવાડાના સંગ્રામ બસંત રાઠોડ (રીવોલ્વર આપવા આવેલા) ત્રણેય રાજસ્થાની શખ્સોને તથા રીવોલ્વર લેવા આવેલા વેઈટર નેપાલસિંહ ચુડાવત મળી ચારેયને એક દેશી રિવોલ્વર સાથે દબોચી લેવામાં આવ્યા છે. ચારેય સામે ચિલોડા પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ પુછપરછ માટે રિમાન્ડ મેળવી કોર્ટમાં રજુ કરતા કોર્ટે ચંદ્રવીર અને નેપાલસિંહ બંનેના ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. પ્રાથમિક પુછપરછમાં એન્ટ્રી પાડવા માટે સંબધીઓ પાસેથી નેપાલસિંહે રીવોલ્વર મંગાવી હોવાનું ધ્યાને આવી રહ્યું છે. જો કે ઝીણવટભરી પુછપરછ હજુ ચાલી રહી છે.

# ઈશ્વર-અલ્લાહ એક છે, આપણે અધૂરી સમજથી જુદા પાડીએ છીએ

## છેલ્લા ૨૦થી વધુ વર્ષોથી જલારામ મંદિરે સંગીત પીરસતા મુસ્લિમ કલાકાર શકુરભાઈને જલારામ બાપાના પરચાનો અનુભવ થયો છે : પૌત્ર શાહરૂખ પણ વેકેશનમાં આવ્યો ત્યારે દાદાને સાથ આપવા મંદિરે સાથે જ આવતો હતો




ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સેકટર-૨૯માં આવેલ જલારામ મંદિરના પ્રાંગણમાં ગત વર્ષે સચિભાઈ ભટ્ટની વ્યાસપીઠે જલારામ બાપાની કથા સપ્તાહ યોજાઈ હતી. આ કથા દરમિયાન વ્યાસપીઠને સાથ આપવા આવેલ સંગીત મંડળીમાં એક મુસ્લિમ વરિષ્ઠ ઓર્ગન વાદક બેન્ઝો વગાડી રહ્યા હતા. કથા દરમિયાન તેઓ એક હાથે બેન્ઝો વગાડવામાં તલ્લીન હતા ત્યારે તેમની પાછળથી કોઈએ આવીને તેમના બીજા હાથને પકડી તેની મુઠ્ઠી ખોલી તેમાં રૂ.૫૦૦ની નોટ મુકી દીધી. પોતાના હાથમાં નોટ કોણ મુકી ગયું તે જોવા કલાકારે તુરંત જ પાછળ જોયું તો અદલ જલારામ બાપાની જેમ સફેદ પરંપરાગત વસ્ત્રોમાં માથે પાઘડી અને હાથમાં ડાંગ લઈને જતી તેજસ્વી વ્યકિત જોઈ. હજુ કલાકાર તો કંઈ પણ સમજે તે પહેલા આ વ્યકિત કયાં જતી રહી તે ખબર જ ના પડી. છેલ્લા ૨૦થી વધુ વર્ષોથી જલારામ મંદિરને પોતાના સંગીત કસબ દ્વારા પોતીકું બનાવી લેનાર એ ૬૦ વર્ષીય કલાકારનું નામ છે શકુરભાઈ રતનખાં શેખ.

વર્ષો પહેલા જલારામ મંદિરમાં યોજાયેલી કથા સપ્તાહથી મંદિર સાથે નાતો બાંધનાર શકુરભાઈ રાજય સરકારના ઈરીગેશન ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે અને તબલા ઉપરાંત કેશિયો, હાર્મોનિયમ જેવા ઓર્ગન પણ બખૂબી વગાડી લે છે. એટલું જ નહિ શકુરભાઈ ૨૦થી વધુ વર્ષોથી દર ગુરુવારે તથા શનિવારે થતી સાંજના આરતી-સત્સંગમાં અચૂક હાજર હોય છે અને પોતાની સેવાઓ આપે છે. મૂળ રાજસ્થાનના સીકટ જલ્લાના ધોદ ગામના વતની શકુરભાઈને તેમના મોટાભાઈએ સંગીતનો વારસો આપ્યો હતો. આશરે ૧૯૮૭-૮૮ની સાલમાં જયારે અમદાવાદનું દૂરદર્શન કેન્દ્ર પણ ચાલ નહોતું થયુ ત્યારે તેઓને દિલ્હી દૂરદર્શન તરફથી કાર્યક્રમ આપવાનું તેડુ આવ્યું હતું અને તેમનો એ કાર્યક્રમ ખૂબ વખણાયો હતો. નોકરીના ફાજલ સમયમાં સંગીતના શોખને પોષતા શકુરભાઈ જયપુરના માનસિંગજી દરબાર, હિંમતનગરના દરબાર પેલેસ, જામળા સ્ટેટનો દરબાર ગઢ વગેરે જગ્યાએ નિયમિત કાર્યક્રમ આપવા જવાની સાથે સાથે નવરાત્રિમાં પણ




વિવિધ ગૃપ સાથે જોડાઈને સંગીત પીરસે છે.

પોતાના હાથમાં રૂ.૫૦૦ની નોટ મુકી જનાર જલારામબાપા જ હતા તેવું દ્રઢપણે માનનાર શકુરભાઈ કહે છે, 'હકીકતમાં ઈશ્વર-અલ્લાહ એક જ છે, આપણે અધૂરી સમજણના કારણે તેમને જુદા પાડીએ છીએ.' હું તો ગુરુવાર-શનિવાર સિવાય પણ જયારે મન થાય ત્યારે અહીં દર્શન કરવા આવુ છું. દરરોજની ફઝરથી ઈસા સુધીની પાંચેય નમાજ તથા નાત-સલામ, કુરાન તિલાવત પઢનાર શકુરભાઈ રમઝાનમાં નિયમિત રોઝા પણ રાખે છે અને રોઝા ઉપવાસ હોય તો પણ નિયમિત જલારામ મંદિરે સંગીત વગાડવા આવવાનું ચુકતા નથી. એમાં પણ જલારામ જયંતિ, જન્માષ્ટમી, મહાશિવરાત્રી, રથયાત્રાનું મોસાળુ જેવા તહેવારોએ તો તેમની સવારથી જ અચૂક હાજરી હોય જ. એકવાર એમણે જલારામ જયંતિના બે મહિના અગાઉ બાડમેર ખાતેના એક કાર્યક્રમનો ઓર્ડર બુક કરી દીધો હતો. કાર્યક્રમમાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે બીજા દિવસે તો જલારામ જયંતિ છે. બસ તેમનું મન વિહવળ થઈ ઉઠયું કાર્યક્રમ પતાવી રાત્રે યજમાને રોકાવાની સુંદર વ્યવસ્થા કરી હોવા છતાં રાતોરાત હાઈવે પર જઈ લકઝરી બસ પકડી સવારે ૮ વાગ્યા સુધીમાં તો જલારામ મંદિર આવી ગયા. આ પ્રસંગે પોતાને સમયસર લકઝરી બસ મળી જવા પાછળ પણ તેઓ જલારામ બાપાની કૃપા જ માનતા શકુરભાઈએ ચરેડી છાપરા વિસ્તારમાંના પોતાના ઘરે બા કાયદા મેલડી માતાની સ્થાપના કરી હતી અને પછી તેમના વતન ધોદ ખાતેના પૂર્વજોના ઘરે પણ લઈ જઈ ત્યાં પણ મેલડી માતાની સ્થાપના કરી છે.

શકુરભાઈના મોટા દિકરાનો પુત્ર 'શાહરૂખ' પણ હવે તેના દાદા તથા પિતાના પગલે સંગીત કલાકાર બની ચુકયો છે. આ વર્ષે ઉનાળુ વેકેશન દરમિયાન બે માસ માટે દાદા સાથે રહેવા ગાંધીનગર આવેલ શાહરૂખે પણ નિયમિત જલારામ મંદિરે આવી તબલા વગાડી શ્રધ્ધાળુઓને ભાવવિભોર કરી દીધા હતા. જલારામ મંદિરના સત્તાવાળાઓએ પણ તેને ભાવપૂર્ણ સન્માન સાથે વિદાય આપી હતી. પોતાના પૌત્રને સંગીતમાં મહારથી બનાવવાની ખેવના રાખતા શકુરભાઈ જયારે તેમનું ફોવરિટ ભજન 'ધૂન લાગી રે લાગી રે જલારામની' છેડે ત્યારે શ્રોતાઓ રસતરબોળ થઈ જાય છે. શિવજીના ભજનો, કબીરના ભજનો, રાજસ્થાની ભજનો સુપેરે ગાતા. શકુરભાઈ જયારે શિવજીનું આ ભજન ગાય છે ત્યારે તો શ્રોતાઓ રીતસરના ઝુમી ઉઠે છે.

'હમારા કામ હૈ શંકર કા નામ લેને કા,
શંકર કા કામ હૈ ગીરતે કો થામ લેને કા...
મૈ ને શંકર કા બડારૂપ નિરાલા દેખા,
જટા મેં ગંગ, હાથ મેં ભંગ કા પ્યાલા દેખા...'

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ચોરીના મોબાઈલ સાથે પથિકાશ્રમ પાસેથી એક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમીને આધારે પથિકાશ્રમ એસ.ટી. ડેપોના પાછળના વિસ્તારેથી એક શખ્સને ચોરીના મોબાઈલ સાથે ટીમે પકડી પાડયો હતો. ચોરીનો એચ.ટી.સી. કંપનીનો મોબાઈલ આજથી પાંચેક મહિના પહેલા તેને પથિકાશ્રમ સર્કલ નજીકથી મળ્યો હોવાની કેફીયત યુવાન આપી રહ્યો છે. એલસીબીએ તેની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.



એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ એચ.એલ. સોલંકી તથા અન્ય માણસો શહેર વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે પથિકાશ્રમ પાછળના ભાગેથી મુળ મહેસાણા વિસનગરના અને હાલ રાંધેજા ચોકડી પાસે રહેતા રાજેશ રતીલાલ પ્રજાપતિને ચોરીના એક મોબાઈલ સાથે પકડી પાડવામાં આવ્યો હતો. એચ.ટી.સી. કંપનીના રૂ. ૧૦ હજારની કિંમતના મોબાઈલના પુરાવા માંગતા ગલ્લા તલ્લા કરવા લાગેલા રાજેશની ઊંડાણપૂર્વક પુછપરછ કરતા તેણે જણાવ્યું છે કે પાંચેક મહિના પહેલા પથિકાશ્રમ સર્કલ પાસેથી સાંજના અરસામાં તે પસાર થઈ રહ્યો હતો ત્યારે તેને આ મોબાઈલ મળ્યો હતો. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી સે-૭ પોલીસને સોંપ્યો છે. સે-૭ પોલીસ મથકમાં આ મોબાઈલની ચોરી અંગે ગુનો પણ નોંધાવા પામેલ છે.

## નારદીપુર મહિલા ગ્રામ વિદ્યાપીઠમાં વિશ્વ યોગ દિનની ઉજવણી કરાઈ

વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગ્રામ સેવા મંદિર-મહિલા ગ્રામ વિદ્યાપીઠ નારદીપુર સંસ્થા ખાતે યોગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોગ શિક્ષક વર્ષાબેન દવે દ્વારા યોગ નિદર્શન, આસનો અને પ્રાણાયામની તાલીમ આપવામાં આવી હતી. સ્વસ્થ આરોગ્યની જાળવણી માટેના પણ પ્રયત્નો કરાયા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંસ્થાના આચાર્યા રીટાબેન દવે અને સ્ટાફ ગણે પણ કાર્યક્રમનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સચાંલન શિક્ષિકા ડૉ. જશુમતીબેન પરમારે કર્યુંહતું.

### ચિરવિદાય

● સ્વ. ઠાકોર રામચંદજી નવાજી ઠાકોર, ઉ.વ.૬૫